| | |
|---|---|
| દા. તા. | ૦૩–૦૧–૨૦૧૮ |
| રજી.તા. | ૦૩–૦૧–૨૦૧૮ |
| ફૈં. તા. | ૧૩–૦૨–૨૦૧૯ |
| અવધી | વ.૦૧,મા.૦૧,દિ. ૧૦ |

==================================================

**ધંધુકાનાં મહેરબાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી કે. એન. દવે સાહેબ)ની અદાલતમાં,**

**મું: ધંધુકા સમક્ષ.**

==================================================

**ક્રિમી.કેસ.નંબર : ૧/૨૦૧૮**

આંક : ૩૭

**ફરિયાદી : શ્રી સ ર કા ર,**

**વિરૂઘ્ઘ**

**આરોપી :–** અશરફખા કરીમખા જલવાણી

ઉ.વ.૩૮,રહે.ગોંડલ,કપુરીચા પરા, શેરી નંબર–૩,

તા.ગોંડલ,જી.રાજકોટ

**ગુનો : ઈન્ડીયન પીનલ કોડ ૧૮૬૦ ની કલમ– ૨૭૯,**

**૩૩૭,૩૩૮,૩૦૪(અ), તથા મોટર વ્હીકલ એકટ**

**કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષા પાત્ર ગુનો.**

==================================================

શ્રી સરકાર તરફે વિઘ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી એ.જી.ઝાલા

આરોપી પક્ષ તરફે વિઘ્વાન વકીલ શ્રી એસ.કે.સંઘાણી

==================================================

^

^

# ::- ચુ કા દો -::

==============

૧ આરોપી વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડ - ૧૮૬૦ કલમ ૨૭૯, ૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા મોટર વ્હિકલ એકટ કલમ- ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

૨ ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૫-૦૯-૨૦૧૭ ના કલાક ૦૪-૪૫ વાગ્યાના સુમારે મોજે ધંધુકા-રાણપુર હાઈવે રોડ કૃપા પેટ્રોલપંપ તથા કોટડા ગામના પાટીયા વચ્ચે પોતાના કબજાવાળી ટ્રક નંબર જી.જે.૩ એ.ટી.૪૧૦૭ ને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી આવતી ઈકો ગાડી નંબર જી.જે.૭ ડી.એ.૧૮૬૮ ને ટકકર મારી એકિસડેન્ટ કરી ઈકો ગાડીના ડ્રાઈવર કેજાર સાબીરમીયાં મલેક તથા સાહેદ મોઈનઅહેમદ મુસ્તાકઅહેમદ મલ ેકનાઓને એકિસડેન્ટમાં ગંભીર ઈજાઓ પહોંચાડી,મોત નીપજાવી તથા ઈકો ગાડીમાં બેસેલ બીજા પાંચ સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરી ઈ.પી.કો.ક.૨૭૯, ૩૦૪-અ. ૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧ ૮૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ ધંધુકા પો. સ્ટે. ફ.ગુ.ર.નં.૫૭/૨૦૧૭ થી જાહેર કરેલ છે. અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશિટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૩ ચાર્જશિટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ

આંક–૩ થી સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

૪. આ કામના પક્ષકારોએ ગુનામાં આંક–૯ થી સમાધાન પરવાનગી અરજી તથા આંક–૧૦ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જેઓને રેકર્ડ કરવામાં આવેલ છે અને કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૫ આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

***<u>મૌખિક પુરાવો</u>***

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫ | ફરિયાદી મોહમદ ઈદ્રીશભાઈ નુરમહમદ મલેકની જુબાની |
| ૨ | ૭ | સાહેદ ગુલામ માજીદ મહંમદ હનીફની જુબાની |
| ૩ | ૮ | સાહેદ મહમદ હનીફ દાઉદભાઈ ખલીફાની જુબાની |
| ૪ | ૧૧ | સાહેદ તસવરખાન શમશીરખાન પઠાણની જુબાની |
| ૫ | ૧૨ | સાહેદ મહંમદ હાસીમ મહમદ હનીફ મલેકની જુબાની |
| ૬ | ૧૩ | સાહેદ ફીરોજભાઈ ખોજમભાઈ ટીનવાલાની જુબાની |
| ૭ | ૧૪ | સાહેદ આરીફુદીન ઉર્ફે શહેબમઝ હનીફુદીન સૈયદની જુબાની |
| ૮ | ૧૫ | સાહેદ ઈરફાનભાઈ ગફુરભાઈ ખલીફાની જુબાની |

***<u>દસ્તાવેજી પુરાવા</u>***

| | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૬ | ફરિયાદ |
| ૨ | ૨૧ થી ૨૭ | મેડીકલ સર્ટી. |
| ૩ | ૨૮ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૪ | ૨૯ થી ૩૦ | પોલીસ રિપોર્ટની નકલ |

| | | |
|---|---|---|
| ૫ | ૩૧ | કોઝ ઓફ ડેથના પ્રમાણપત્રની નકલ |
| ૬ | ૩૨ | હોસ્પિટલ ખાતે કરેલી શબ–પરીક્ષાને લગતી યાદી |
| ૭ | ૩૩ | કોઝ ઓફ ડેથના પ્રમાણપત્રની નકલ |
| ૮ | ૩૪ | હોસ્પિટલ ખાતે કરેલી શબ–પરીક્ષાને લગતી યાદી |
| ૯ | ૩૫ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૧૦ | ૩૬ | ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ,ગાંધીનગરના અહેવાલની નકલ |

ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જાહેર કરેલ છે. ત્યાર બાદ સદર કામે ક્રિ. પ્રો. કો. ક.૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.ત્યાર બાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬ આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧. શું ફરિયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૫–૦૯–૨૦૧૭ ના કલાક ૦૪–૪૫ વાગ્યાના સુમારે મોજે ધંધુકા–રાણપુર હાઈવે રોડ કૃપા પેટ્રોલપંપ તથા કોટડા ગામના પાટીયા વચ્ચે પોતાના કબજાવાળી ટ્રક નંબર જી.જે.૩ એ.ટી.૪૧૦૭ ને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી આવતી ઈકો ગાડી નંબર જી.જે.૭ ડી.એ.૧૮૬૮ ને ટકકર મારી એકિસડેન્ટ કરી ઈકો ગાડીના ડ્રાઈવર કેજાર સાબીરમીયાં મલેક તથા સાહેદ મોઈનઅહેમદ મુસ્તાકઅહેમદ મલ ેકનાઓને એકિસડેન્ટમાં ગંભીર ઈજાઓ પહોંચાડી,મોત નીપજાવી તથા ઈકો ગાડીમાં બેસેલ બીજા પાંચ સાહેદોને વત્તા ઓછા પ્ર

માણમાં ઈજાઓ કરી ઈ.પી.કો.ક.૨૭૯, ૩૦૪–અ. ૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.ર છેવટે શું હુકમ ?

૭ ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

**::– નિર્ણય માટેના કારણો –::**

૮ **મુદ્દા નં.૧ અને ર.**

આ કામના આરોપીએ તા.૫–૦૯–૨૦૧૭ ના કલાક ૦૪–૪૫ વાગ્યાના સુમારે મોજે ધંધુકા–રાણપુર હાઈવે રોડ કૃપા પેટ્રોલપંપ તથા કોટડા ગામના પાટીયા વચ્ચે પોતાના કબજાવાળી ટ્રક નંબર જી.જે.૩ એ.ટી.૪૧૦૭ ને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી આવતી ઈકો ગાડી નંબર જી.જે.૭ ડી.એ.૧૮૬૮ ને ટકકર મારી એકિસડેન્ટ કરી ઈકો ગાડીના ડ્રાઈવર કેજાર સાબીરમીયાં મલેક તથા સાહેદ મોઈનઅહેમદ મુસ્તાકઅહેમદ મલ ેકનાઓને એકિસડેન્ટમાં ગંભીર ઈજાઓ પહોંચાડી,મોત નીપજાવી તથા ઈકો ગાડીમાં બેસેલ બીજા પાંચ સાહેદોને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ કરેલ હોવાનો ફરિયાદ પક્ષનો આરોપ છે.

૯ ફરિયાદ પક્ષે પોતાના કેસની હકીકતના સમર્થનમાં આંક–૫ થી ફરિયાદી મોહમ્મદ ઈદ્રીશભાઈ નુરમહંમદભાઈ મલેકને તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,' બનાવ સને–૨૦૧૭ માં બનેલો. સવારે છ વાગ્યે તેમના ભાઈ મુસ્તાક એહમદનો તેમના પર ફોન અવોલ કે તા.૩–૦૯–૨૦૧૭ ના રાત્રીના દસ વાગ્યાની આજુબાજુ તેમનો દિકરો મોઈન તથા તેના મિત્રો તથા ફિરોજ તથા આદીલ એમ પાંચ–છ જણાં ઈકો ગાડી નંબર ૧૮૬૮ ની લઈ દિવ ગયેલ અને પરત આવતા ધંધુકા–રાણપુર રોડ પર પેટ્રોલ પંપ પાસે એકિસડેન્ટ થયેલ છે તેવી વાત કરતા તેઓ,મોસીન તથા શાહરૂખ ધંધુકા આર.એમ.એસ.હોસ્પિટલ ગયેલ અને ત્યાંથી જાણવા મળેલ કે ટ્રક સાથે એકિસડેન્ટ થતાં તેજારનું મરણ થયેલ છે અને મોઈનને અમદાવાદ લઈ ગયેલ છે તથા બાકીનાને આર. એમ.એસ. તથા અમદાવાદ રીફર કરેલ છે. ત્યાર બાદ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ અને જોયેલ તો ત્યાં ઈકો ગાડી તથા ટ્રક હતી. મોઈનને અમદાવાદ સારવાર માટે લઈ જતાં તે દરમ્યાન બગોદરા પાસે તેનું મરણ થયેલ. બનાવ અંગે તેઓએ ધંધુકા પો.સ્ટે.ફરિયાદ આપેલી.' તેમ જણાંવે છે, એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરેલ હોય, ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ ' એ વાત ખરી છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હતા જેથી અકસ્માતની તેમને કોઈ જાતમાહિતી નથી.'તેમ સ્વીકારેલ છે.આ સાહેદના પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરતાં તેઓ પોતે બનાવને જોનાર નજરી સાહેદ ન હોય,બનાવ સમયે આરોપીની બેદરકારી,અકસ્માત થવાના સંજોગો અને સંયોગો બાબતે તેઓ સહજ અજાણ હોવાનું માનવાને પુરતું કારણ રહે છે.

આમ, સદરહુ સાહેદ કર્ણોપકર્ણ પુરાવો આપતા હોવાનું જણાંઈ આવે છે.ફરિયાદીના પુરાવાથી અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે અકસ્માતની ઘટનામાં મરણ જનાર  તેજાર તથા મોઈનનું મરણ થયેલ હોવાનું તથા અન્યને ઈજા થયેલ હોવાની હકીકત સાચી માનીએ તો પણ આ કામના આરોપીની બેદરકારી અને બેફિકરાઈથી વાહન ચલાવવાને લઈને જ સદરહુ અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે થકી મરણ જનાર  તેજાર તથા મોઈનનું મરણ થયેલ હોવાનું તથા અન્યને ઈજા થયેલ હોવાની  ઘટના આ કામના આરોપીની બેદરકારી ભરી રીતે વાહન ચલાવવાને લઈને જ બનેલ હોવાની હકીકત નિ:શકંપણે પુરવાર થતી નથી.

૧૦ ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૭ થી સાહેદ ગુલામ માજીદ મહંમદ હનીફભાઈને તથા આંક–૮ થી સાહેદ મહંમદ દાઉદભાઈ ખલીફાને તપાસેલ છે. સદરહુ બંને સાહેદોએ  તેમની સરતપાસમાં ' બનાવ કોટડા ગામ પાસે બનેલાની વાત સાંભળેલી. શું બનાવ બનેલ તેની તેમને ખબર નથી. આ બનાવમાં કયા કયા વાહન હતા અને તેના નંબર શું હતા તેની પણ ખબર નથી. આ બનાવમાં બે જણાંનુ મરણ થયેલ તે જાણેલું' તેવી હકીકત જણાંવે છે. એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ હોય, ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ  છે. બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં આ સાહેદએ ' એ વાત ખરી છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નહીં. 'તેમ સ્વીકારેલ છે.આ સાહેદોના પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરતાં તેઓ પોતે બનાવને જોનાર નજરી સાહેદ ન હોય,બનાવ સમયે આરોપીની બેદરકારી,અકસ્માત થવાના સંજોગો અને સંયોગો બાબતે તેઓ સહજ અજાણ હોવાનું માનવાને પુરતું કારણ રહે છે. આમ, સદરહુ સાહેદો કર્ણોપકર્ણ પુરાવો આપતા હોવાનું જણાંઈ આવે છે.આ સાહેદોના પુરાવાથી અકસ્માતની ઘટના બનેલ

હોવાનું અને તે અકસ્માતની ઘટનામાં મરણ જનાર બે વ્યકિતના મરણ થયેલ હોવાની હકીકત સાચી માનીએ તો પણ આ કામના આરોપીની બેદરકારી અને બેફિકરાઈથી વાહન ચલાવવાને લઈને જ સદરહુ અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે થકી મરણ જનાર બે વ્યકિતના મરણ થયેલ હોવાની ઘટના આ કામના આરોપીની બેદરકારી ભરી રીતે વાહન ચલાવવાને લઈને જ બનેલ હોવાની હકીકત નિ:શકંપણે પુરવાર થતી નથી.

૧૧ ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૧૧ થી સાહેદ તસવરખાન શમશીરખાન પઠાણને, આંક–૧૨ થી સાહેદ મહંમદ હાસીમ મહંમદ હનીફ મલેકને, આંક–૧૩ થી સાહેદ ફીરોજભાઈ ખોજમભાઈ ટીનવાલાને તથા આંક–૧૪ થી સાહેદ આરીફુદ્દીન ઉર્ફે શહેબમઝ હનીફુદ્દિન સૈયદને તપાસેલ છે. સદરહુ તમામ સાહેદો અકસ્માતની ઘટનાને નજરે જોનાર છે તથા અકસ્માતની ઘટનામાં ઈજા પામેલ છે. તેઓ તમામે તેઓની સરતપાસમાં ઈકો ગાડી નંબર ૧૮૬૮ ને ટ્રક થકી અકસ્માત થવાથી તેઓ તમામને ઈજા થયેલ તથા કેજારભાઈનું ઘટના સ્થળે અને મોઈનભાઈનું સારવાર દરમ્યાન મરણ થયેલ. બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં સદરહુ તમામ સાહેદોએ 'એ વાત ખરી છે કે, બનાવ સમયે તેઓ સુઈ ગયેલ હતા, બનાવ કઈ રીતે બનેલ એતી તેઓને ખબર નથી, એ વાત ખરી છે કે, સમાધાન થઈ ગયેલ છે.'તેવી હકીકત સ્વીકારેલ છે. સદરહુ તમામ સાહેદોના પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરતાં અકસ્માતની ઘટના ઘટી તે સમયે તેઓ તમામ સૂઈ ગયેલ હોય, કેવા પ્રકારની બેદરકારીને લીધે સદર અકસ્માતની ઘટના ઘટી તે બાબતે તેઓ સહજ અજાણ હોવાનું જણાંઈ આવે છે તથા સદર અકસ્માતની ઘટના આ કામના આરોપીની બેદરકારીને લીધે જ બનેલ હોવા બાબતે તેઓએ મૌન સેવેલ છે. આ તમામ સાહેદોના પુરાવાથી અકસ્માતની ઘટના

બનેલ હોવાનું અને તે અકસ્માતની ઘટનામાં મરણ જનાર કેજાર તથા મોઈનનું મરણ થયેલ હોવાનું તથા તેઓ તમામને ઈજા થયેલ હોવાની હકીકત સાચી માનીએ તો પણ આ કામના આરોપીની બેદરકારી અને બેફિકરાઈથી વાહન ચલાવવાને લઈને જ સદરહુ અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે થકી મરણ જનાર કેજાર તથા મોઈનનું મરણ થયેલ હોવાનું તથા તેઓ તમામને ઈજા થયેલ હોવાની ઘટના આ કામના આરોપીની બેદરકારી ભરી રીતે વાહન ચલાવવાને લઈને જ બનેલ હોવાની હકીકત નિ:શકંપણે પુરવાર થતી નથી.

૧૨ ત્યાર બાદ ફરિયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ ઈરફાનભાઈ ગફુરભાઈ ખલીફાને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરિયાદ હકીકતને અનુરૂપ સરતપાસ આપેલ છે તથા અકસ્માતની ઘટનનાની જાણ મુસ્તકાભાઈ દ્વારા થતાં તેઓ તથા તેમના સબંધીઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલ અને જોયેલ તો ઈકો ગાડી તથા ટ્રકને નુકશાન થયેલ અને મોઈનભાઈ તથા કેજારભાઈનું મરણ થયેલ.'તેવી હકીકત જણાંવે છે.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદરહુ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલ હોય, ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટતપાસમાં આ સાહેદએ ' એ વાત ખરી છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નહીં. 'તેમ સ્વીકારેલ છે.આ સાહેદના પુરાવાનું સમગ્ર રીતે મુલ્યાંકન કરતાં તેઓ પોતે બનાવને જોનાર નજરી સાહેદ ન હોય,બનાવ સમયે આરોપીની બેદરકારી,અકસ્માત થવાના સંજોગો અને સંયોગો બાબતે તેઓ સહજ અજાણ હોવાનું માનવાને પુરતું કારણ રહે છે. આમ, સદરહુ સાહેદ કર્ણોપકર્ણ પુરાવો આપતા હોવાનું જણાંઈ આવે છે.આ સાહેદના પુરાવાથી અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે અકસ્માતની ઘટનામાં મરણ જનાર કેજારભાઈ તથા મોઈનભાઈ મરણ થયેલ હોવાની હકીકત અને અન્યને

ઈજા થયેલ હોવાની હકીકત સાચી માનીએ તો પણ આ કામના આરોપીની બેદરકારી અને બેફિકરાઈથી વાહન ચલાવવાને લઈને જ સદરહુ અકસ્માતની ઘટના બનેલ હોવાનું અને તે થકી મરણ જનાર કેજારભાઈ તથા મોઈનભાઈ મરણ થયેલ હોવાનું અને અન્યને ઈજા થયેલ હોવાની ઘટના આ કામના આરોપીની બેદરકારી ભરી રીતે વાહન ચલાવવાને લઈને જ બનેલ હોવાની હકીકત નિ:શકંપણે પુરવાર થતી નથી.

૧૩ વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this

Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

૧૪ વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal. વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way

in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of

reckless doing of an act without consideration of any consequences.

૧૫ હાથ પરના કેસમાં પણ ફરિયાદી તથા સાહેદોએ આ કામના આરોપી અકસ્માતના ગુનામાં આરોપી તથા તેનું વાહન સંકળાયેલ હોવા બાબતે નિ:શંકપણે હકીકત પુરવાર કરી શકેલ નથી. અકસ્માતના બનાવમાં ઈજા પામનાર સાહેદોએ પણ એવી કોઈ જ મહત્વપૂર્ણ અને ફળદાયી હકીકત ઉજાગર કરેલ નથી કે જે આધારે સદર અકસ્માતની ઘટના આ કામના આરોપીની બેદરકારીને લીધે જ બનેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થઈ શકે. આ કામે રજુ થયેલ પંચનામા, શબ પરીક્ષાને લગતી યાદી, મેડીકલ સર્ટી.પી.એમ.રિપોર્ટ એ સાંયોગિક પુરાવા પુરા પાડે છે પરંતુ ખુદ જયારે ફરિયાદી તથા સાહેદો સદર અકસ્માતના બનાવમાં આરોપીની પ્રત્યક્ષ યાં પરોક્ષ સંડોવાણી નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય,આ સાંયોગિક પુરાવાનું મુલ્ય ઘટી જાય છે. સદર કામે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય જેથી સ્વાભાવિક છે કે, ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કોઈ પુરાવો ન જ આપે.સદર કામે અકસ્માતની ઘટનામાં મરણ જનાર કેજાર સાબીરમીંયા મલેક તથા મોઈન અહેમદ મુસ્તાક અહેમદ મલેકનાઓના મરણ થયેલ હોવાનું તથા અન્યને ઈજા થયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે અને તેને સાચી માનીએ તો પણ આ કામના આરોપીની બેદરકારી ભરી રીતે વાહન ચલાવવાને લઈને જ અકસ્માતની ઘટના બનવાથી મરણ જનાર કેજાર સાબીરમીંયા મલેક તથા મોઈન અહેમદ મુસ્તાક અહેમદ મલેકનાઓના મરણ થયેલ હોવાનું તથા અન્યને ઈજા થયેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.આમ, આરોપી ઉપર જે ગુનાનું તહોમત છે તે ગુનાને સાથે આરોપીને જોડતી કોઈ કડી કે આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ પ્રત્યક્ષ યાં પરોક્ષ પુરાવો મળી આવતો ન હોય,સદર કામે ફરિયાદ પક્ષ ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોવાના તારણ ઉપર આ અદાલત આવે છે જેથી મુદ્દા નં.૧

પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.ર પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

- આ કામના આરોપી ને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ ર૫૫ ( ૧ ) અન્વયે ઈન્ડીયન પીનલ કોડ – ૧૮૬૦ કલમ ર૭૯,૩૩૭,૩૩૮,૩૦૪–અ તથા મોટર વ્હિકલ એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે.
- આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭એ મુજબના રૂા. ૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પૂરાના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી–થી જાહેર કર્યો.

**તારીખ ૧૩– ૦ર–ર૦૧૯**
**ધંધુકા**

**(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ,**
**ધંધુકા**
**Judge Code.GJ-01116**

સ્ટેનોગ્રાફર :– યુ.આર.ત્રિવેદી,
જયુડી.મેજી.ફ.ક.કોર્ટ,ધંધુકા